ખ્વાબ બુનેં યા રૂહ કો રફૂ કરેં ?

ઓસ્ટ્રેલિયામાં પુત્ર-પુત્રીની સાથે આયુષ્યનો સૌથી કપરો તબક્કો હરિયાળો કરી રહેલા ઈતિહાસવિદ્, સ્વજનસર્જક મહેબૂબ દેસાઈએ વહેલી સવારે ઉપરનો મેસેજ મોકલ્યો કે દિલ ગુલઝાર થઈ ગયું. માનવી માત્ર આજકાલ ગુલઝાર જેવી જ વિમાસણમાં જીવી રહ્યો છે. વખત વહી રહ્યો છે. એને ખૂંટે કે ખીંટીએ તો બાંધી શકાય એમ નથી. શાળામાં સાહેબે અંગ્રેજી કહેવત શીખવેલીઃ ટાઈમ એન્ડ ટાઈડ વેઈટ ફોર નન! જાણીતા કવિ પ્રિયકાન્ત મણિયારની કવિતા પણ પાઠ્યપુસ્તકમાંઆવતી.

શીર્ષક હતુંઃ 'સમયનું સોનું'.એની પહેલી કડી હજી જીભ પર જીવે છેઃ

હવેએ હાથ રહ્યું ના હેમ,
મળ્યું સમયનું સોનું,
એને વાવર્યું ફાવે તેમ!
હૈરાન બૈઠે હૈં વક્ત કા ધાગા લેકર,
ખ્વાબ બુનેં યા રૂહ કો રફૂ કરેં ?

સમય બળવાન ગણાયો છે. એણે ઈશ્વરની પણ આમન્યા નથી રાખી તો પામર માનવીનું શુંગજું? એને પણ એટલી ખબર તો છે કે ગઈ પળ પાછી નથી આવવાની. એટલે સમયનો જે જથ્થો પોતાના ફાળે આવ્યો છે એનો ઉપભોગ અને ઉપયોગ સરખી રીતે કરી શકાય તો થોડો સંતોષ અનુભવી શકાય. એનો ઉપયોગ રમણીય સપનાં સેવવામાં થઈ શકે, એમાં વખત પૂરતી મજા પણ આવે; પણ તો પછી પેલી ચિરાઈ ગયેલી રૂહને રફૂ મારવાનું તો રહી જ જશે! શાયર ગુલઝાર એને સોયમાં પરોવેલ દોરાની ઉપમા આપીને માનવીની વિમાસણ રજૂ કરે છે. સમયનો નિશ્ચિત લંબાઈ ધરાવતો દોરો લઈને બેઠેલો માણસ એના વડે સપનાં વણવાં કે જર્જરિત થઈ ગયેલા આત્માને રફૂ મારવું એ નક્કી નથી કરી શકતો. સપનાં તો આંખ ઊઘડતાં વેંત સરી જવાનાં, છતાં સરેરાશ માનવી એમને મમળાવવાનો ગળચટ્ટો આનંદ માણી લેવાનો જ વિકલ્પ પસંદ કરે છે. આત્માના અગાધ ઊંડાણ સુધી નજર કરવાની એને ફુરસદ જ ક્યાં હોય છે?

આપણે ઉન્નત શિરે પબ્લિક પાર્કમાં મોર્નિંગ વોક કરી રહ્યા હોઈએ અને પગદંડી ઓળંગી રહેલી સાપણ આપણા બે પગ વચ્ચે થઈ ચૂપચાપ સરકી ઝાડી ઝાંખરાંમાં અલોપ થઈ જાય એમ ઉંમર તો આપણને એનો અહેસાસ થાય એ પહેલાં છેક ઘડપણના છેડે પહોંચી જાય છે. પછી તો સમયનો નાનકડો ટુકડો જ બચે છે. એને જરા સરખી રીતે વાપરી શકાય તો મોત સુધરી જાય. મોટા ભાગે આપણે અભાનપણે જીવ્યા કરતા હોઈએ છીએ. ચાલતાં ચાલતાં બે પગ વચ્ચે થઈ સરકી ગયેલી પેલી સાપણ ક્યારેક છંછેડાઈ જઈ ડંખ દે તો ખબર પડે કે એ સાપણ હતી. નહીંતર આપણે તો ધૂનમાં ને ધૂનમાં સબ સલામતની અહાલેક પોકારતા આગળ વધી જઈએ. બલકે કાંટો વાગ્યો હશે એમ માની એના ડંખને પણ નજર અંદાજ કરી લઈએ. મોટા ભાગના સાપ ઝેરી નથી હોતા એટલે ઝેર પણ ના ચડે. હા, એની સામે નજર પડી ગઈ હોય તો જોયાનું ઝેર જરૂર ચડી જાય!

માણસ જન્મે છે કે બીજી જ ક્ષણે એની જીવનયાત્રાના અંતિમ પડાવ અર્થાત મૃત્યુ તરફ પગલાં માંડે છે. એ બાલ્યાવસ્થામાં કદાચ મૃત્યુ કેવું હોય એ જાણતો નથી હોતો. આ અજ્ઞાન બહુ જ મોટું સુખ છે. એને ઘરના કે પડોશના કોઈ પરિચિતનો મૃતદેહ જોવાની તક મળી જાય તો એ આશ્ચર્ય પામે છે. બાને મધરાતે હાર્ટએટેકટે આવી ગયો અને એમને ઊંચકીને હોસ્પિટલમાં લઈ જવાયાં ત્યારે એને મમ્મી સમજાવે છે કે બા બીમાર થઈ ગયાં છે. દવા કરાવીશું એટલે સાજાં થઈ જશે. પણ એ સાજાં થવાને બદલે ગુજરી જાય છે ત્યારે ફરી એક વખત પેલું ભૂલકું એમનું નિશ્ચેષ્ટ શરીર જોઈ ગોથે ચડી જાય છે. બાને નનામીમાં સુવાડી ડાઘુઓ ઊંચકીને સ્મશાન તરફ ચાલવા લાગે છે ત્યારે બીજાં બધાંને રડતાં કકળતાં ભાળી એ નેધણિયાને પણ રડવું આવી જાય છે... મારાંબાને બાંધીને ક્યાં લઈ જાય છે આ લોકો? એ ચૂપચાપ સૂઈ કેમ ગયાં નનામી પર? કહે તો ખરી, બા બોલતાં કેમ નથી મમ્મી?

આવું દૃશ્ય આપણે જોઈ જોઈને રીઢા થઈ ગયા હોઈએ છીએ પણ ભોળા બાળક માટે તો એ જીરવવું અઘરું બની જાય એ સ્વાભાવિક છે. હિંદી સાહિત્યકાર સિયારામ શરણ ગુપ્તની એક વાર્તાછેઃ 'કાકી'. કાકી વાર્તાના બાળ નાયકને બહુ વ્હાલાં હતાં. એની મા કરતાં પણ વધારે લાડ લડાવનારી કાકીનું અવસાન થઈ ગયું છે. એમના અગ્નિસંસ્કાર થઈ ગયા છે પણ બાળકે હઠ પકડી છે કે મારે તો બસ કાકી જોઈએ. ઘરનાં લોકો એને ફોસલાવીને શાંત પાડવા કોશિશ કરે છે. કાકી હમણાં ભગવાનના ઘેર ગઈ છે. એમ કંઈ બાળક

સમયનો જે જથ્થો પોતાના ફાળે આવ્યો છે એનો ઉપભોગ અને ઉપયોગ સરખી રીતે કરી શકાય તો થોડો સંતોષ અનુભવી શકાય. એનો ઉપયોગ રમણીય સપનાં સેવવામાં થઈ શકે, એમાં વખત પૂરતી મજા પણ આવે; પણ તો પછી પેલી ચિરાઈ ગયેલી રૂહને રફૂ મારવાનું તો રહી જ જશે!

થોડું ચૂપ થઈ જાય? એ વડીલોની પાસે ભગવાનનું સરનામું માગેછે. એને કહેવામાં આવે છે કે ભગવાન આકાશમાં રહે છે અને કાકી એમની સાથે મજા કરે છે. બાળક એની અક્કલ દોડાવે છે. આકાશમાં રહેતી હોય તો કાકીને નીચે ઉતારી લાવવામાં વાર કેટલી? હું મારી પતંગ આકાશમાં ઉડાડીશ એટલે કાકી સમજી જશે કે બબલુએ મને નીચે ઉતારવા માટે જ પતંગ મોકલી છે.

એના બાળ માનસમાં મરી ગયેલી કાકી પાછી ના આવે એવું કઠોર સત્ય બેસતું જ નથી.

આ તો બાળમાનસની વાત થઈ. સમજણ આવ્યા પછી તો બધાને ખબર હોય છે કે એક દિવસ મૃત્યુ આવવાનું જ છે. જાયુંએ જવાનું છે. છતાં માનવી

મનકા સિતાર

કેશુભાઇ દેસાઇ

કેવી બેફિકરાઈથી જીવતો હોય છે! મહાભારતમાં યુધિષ્ઠિરને યક્ષ સૌથી પહેલો સવાલ આ સંદર્ભે જ પૂછે છેઃ જગતમાં સૌથી મોટું આશ્ચર્ય કયું? યુધિષ્ઠિર તરત જવાબ આપે છેઃ માણસ જાણે છે કે એક દિવસ મૃત્યુ આવવાનું જ છે છતાંએ એવી રીતે વર્તે છે કે જાણે એ ક્યારેય મરવાનો જ નથી! એક રીતેઆ બેફિકરાઈ કુદરતી વરદાન જ ગણાય કારણકે સતત મોતના ઓથાર હેઠળ જીવીએ એ તો મોત કરતાં પણ વધારે દુઃખદ ઘટના બની જાય. જીવન સુખદુઃખના સમન્વયની અદભુત ઘટના પ્રધાન ધારાવાહિક છે અને એટલેજ આ મનુષ્ય નામની પ્રજાતિ કરોડો વર્ષોથી અનેકવિધ સંઘર્ષ વેઠ્યા પછી પણ એવી ને એવી લીલી નાઘેર રહેવા પામી છે. એને અસ્તિત્વ ટકાવી રાખવાનો કીમિયો જડી ગયો છે. સમયને એ માત આપી શકે છે. ડાઈનાસોર કે મેમોથ જેવાં મહાકાય પ્રાણીઓથી લઈ પોન્ડા જેવાં સુંવાળાં જીવજંતુ કાંતો ખતમ થઈ ગયાં છે અથવા છેલ્લા શ્વાસ લઈ રહ્યાં છે ત્યારે માણસ પૃથ્વીના વાતાવરણમાં અસ્તિત્વ ટકાવી રાખવાનું અઘરું બની જાય એ પહેલાં ચંદ્ર અને મંગળ પર નવી વસાહતો સ્થાપી પ્રકૃતિને પડકાર આપવા કૃતસંકલ્પ છે.

ક્યારેક શંકા પણ જાય સમય જેવું તત્ત્વ ખરેખર છે ખરું? કે પછી એ પણ કાળા માથાના માનવીના ભેજાની પેદાશ છે? શું માનવ સિવાયના જીવો, વૃક્ષો, બેક્ટેરિયા અને વાઈરસને સમયના આ મહાકાય અસ્તિત્વનો અંદાજ હશે? બધુંજ નશ્વર હોય તો એકલો સમય કેવી રીતે અજરામર હોઈ શકે? મતલબ કે સમય ઈશ્વરને પણ નથી ગાંઠતો એમ જ ને? સમયની પરિકલ્પના પહેલવહેલી કોણે કરી હશે? સૃષ્ટિ અસ્તિત્વમાં આવી તે પહેલાં પણ સમય તો હશે જ. આપણાં શાસ્ત્રોમાં બ્રહ્માના સુદીર્ઘ દિવસની કલ્પના છે. બ્રહ્માના દિવસને 'કલ્પ' કહ્યો છે. ચાર અબજ બત્રીસ કરોડ વર્ષના સમય અવધિને બ્રહ્માનો એક દિવસ ગણાય છે! પશ્ચિમના વિજ્ઞાનનો પ્રભાવ વિશ્વમાન્ય બની જતાં આપણાંશાસ્ત્રોમાં આલેખાયેલી વાતો આપોઆપ અને વિગતો કપોલકલ્પિત દંતકથાઓ બની જાય છે. જોકે સમયનો તાગ મેળવવા માટે તો વિજ્ઞાન પણ વામણું પુરવાર થયું છે. ભલે આપણે સમય જેવી બળૂકી વિભાવના સાથેબાથ ભીડીને પોરસાતા રહીએ પણ એક દિવસ એની એક જ ઝાપટ આપણને ભોંય ભેગા કરી દેવાની છે એ પણ આપણે જાણીએ જ છીએ. એટલે આપણે વંશવૃદ્ધિ કરીને સંતોષ માની લીધો. પ્રાણી પ્રાણ છોડી દીધા પછી પણ એનાં સંતાનો સ્વરૂપે આંશિક રીતે જીવતું રહે છે. જિનેટિક્સનું વિજ્ઞાન એના માટે મોટું આશ્વાસન બની જાય છે. સમયનો એક મર્યાદિત અંશ માણસને પીરસીને કુદરત ખસી જાય છે. એટલા જથ્થામાં એણે જે કંઈ માણવું કે જાણવું હોય એની એને સ્વતંત્રતા છે. એટલા સમયગાળામાં એ 'ઈ ઈઝ ઈક્વલ ટુ એમસી સ્ક્વેર' નો વિજ્ઞાન મંત્ર શોધીને આઈન્સ્ટાઈન બની શકે છે અને એટલા જ સમય ટુકડાને લસોટીને એક ચા વાળો ભારત જેવા વિશાળ રાષ્ટ્રનો કર્ણધાર પણ બની શકે છે. એના કર્તાની સમયમર્યાદા પૂર્ણ થયા પછી પણ જો કૃતિમાં દમ હશે તો એ બીજા સમયમાં પણ જીવી શકશે. રામાયણ અને મહાભારત કે અભિજ્ઞાન શાકુંતલ એનાં જાજરમાન ઉદાહરણ છે. અવતાર તરીકે સ્વીકારવામાં આવેલા રામ, કૃષ્ણ અને બુદ્ધ કે મહાવીર સ્વામી, ઈસુખ્રિસ્ત અને મહંમદ સાહેબ જેવા ધર્મસ્થાપક મહાનુભાવો સમયની સરહદો ઓળંગીને લાંબા સમય સુધી પ્રસ્તુત રહી શકે છે.

મારા પાડોશી પૂર્વમુખ્યમંત્રી ઉંમરનો આંકડો નેવું વટાવી ગયો ત્યારે મુમૂર્ષા (મરવાની ઈચ્છા) સેવવા લાગેલા. નિરાશ થઈને કહેતા આમ ઘરમાં પુરાઈ રહીને જીવવાનો શો અર્થ? આપણા રેશનાલિસ્ટ સર્જક વિચારક રમણલાલ પાઠકના આખરી દિવસોમાં એમને મળવા ગયો ત્યારે એ પથારીમાંથી ઊભા પણ થઈ શકે એવી સ્થિતિમાં નહોતા. એ દર વખતે જાતે ચા બનાવીને પિવડાવતા એને બદલેએ કામ સેવિકાને સોંપતાંએ ભારે હીણપત અનુભવી રહ્યા હતા. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. બોલી ઊઠેલાઃ મને ઈચ્છામૃત્યુ માટે સ્વિટ્ઝરલેન્ડ લઈ જાઓ તો તમારો આભારી થઈશ... મનેએ વખતે જીભે ચડેલા એ શબ્દો હજી યાદ છેઃ પાઠક સાહેબ, એજિન્ગ ઇટસેલ્ફ ઈઝ એ ડિસીઝ. તમારે સ્વિટ્ઝરલેન્ડ જવાની જરૂર નહીં પડે! રામ રામ કરો. રામ એમનું પુષ્પક વિમાન મોકલી આપશે, સમય થશેએટલે!

એ પછી એ માંડ અઠવાડિયું રોકાયા હતા.

વ્યક્તિવાદ અને ભૌતિકવાદમાં સતત વધારો, ચૂંટણીમાં લાભકારક કે નુકસાનકારક?

આ લોકસભા ચૂંટણીમાં કૉંગ્રેસ સંપત્તિનો સર્વે કરી તેને ગરીબોમાં વહેંચવાની વાત કરી રહી છે. તેના દરિયાપારના (ઑવરસીઝ) નેતા સામ પિત્રોડા વારસાવેરાની વાત કરી રહ્યા છે, જે અનુસાર, વ્યક્તિ મરી જાય તે પછી તેની સંપત્તિ પૂરેપૂરી તેનાં સંતાનોને મળી શકે નહીં. તેના 55% સરકાર પાસે જાય અને 45% સંતાનોને મળે. તેમાંય એકથી વધુ સંતાન હોય તો 15 %થી માંડીને 22.5 % સુધી મળે.

કૉંગ્રેસની આ પ્રકારની વાતો લોકોના ગળે ઊતરતી નથી કારણ કે હવે જમાનો બદલાઈ ગયો છે. વિચારસરણી બદલાઈ ગઈ છે. આ વાતો કદાચ 1970ના દાયકામાં લોકોના ગળે ઊતરી જાત. લોકો તેને વધાવી લેત પરંતુ આ 2024 છે. આજે ભૌતિકતા અને વ્યક્તિવાદ (individualism) બંને વધ્યા છે તે ચૂંટણીમાં પણ ભાગ ભજવે છે. સમજીએ કઈ રીતે.

સ્વતંત્રતા પછીથી માંડીને 1970ના દાયકા સુધી સંયુક્ત પરિવારો હતા. બે-ત્રણ ભાઈઓ, તેમનાં સરેરાશ 8થી 15 સંતાનો એક જ છત નીચે રહેતાં હતાં. ઘરમાં શું ખરીદવું અને શું નહીં તેનો નિર્ણય એક જ જણના હાથમાં રહેતો- દાદીના હાથમાં અથવા જે સ્ત્રી બળુકી હોય તેના હાથમાં. પછી તે જેઠાણી હોય કે દેરાણી કે પછી નણંદ. કોના લગ્નમાં કેટલો ચાંદલો થશે અને કોના લગ્નમાં નથી જવાનું તે બધું દાદા જ નક્કી કરતા. દાદા ગુજરી ગયા હોય તો મોટો દીકરો નક્કી કરતો અને આખું ઘર તેને અનુસરતું. મહિલાઓ લાજ કાઢતી અને મોટા ભાગે ઘરની બહાર બહુ નીકળતી નહીં. મતદાનમાં મહિલાઓનું પ્રમાણ પણ ઓછું રહેતું.

ઘરની આવશ્યકતાઓ ઓછી હતી. બે ટંક જમવાનું, દિવાળીએ એક સંતાનદીઠ એક જોડી કપડાં, થોડા ફટાકડા આવી જાય એટલે ભયોભયો. એક સંતાનથી બીજા સંતાનદીઠ એક ને એક પાઠ્યપુસ્તકો ચાલે રાખતાં એટલે કે એક માબાપનાં ત્રણ સંતાનો એક જ પાઠ્યપુસ્તકની ખરીદીમાં ભણી લેતાં. એક જ કંપાસ એક સંતાનદીઠ તે ભણે ત્યાં સુધી ચાલતો અને તે કંપાસ બૉક્સ બીજા સંતાનને પણ મળતો. એક સાઈકલ વર્ષોવર્ષ ચાલતી. એક દફ્તર (આજની પેઢી માટે સ્કૂલ બેગ) બે-ત્રણ સંતાન વચ્ચે ચાલતું. ઘણાં ઘરોમાં તો એકાદ ભાઈ ન કમાતો હોય કે ઓછું કમાતો હોય તો પણ બીજા ભાઈઓ ટેકો કરતા. સંયુક્ત ઘર હોય એટલે ઘઉં, ચોખા, મસાલા ખરીદવામાં ભાવતોલ પણ સારી રીતે કરાવી શકાતો.

બધાં સાથે ફિલ્મ જોવા જતાં અને

ઘરની આવશ્યકતાઓ ઓછી હતી. બે ટંક જમવાનું, દિવાળીએ એક સંતાનદીઠ એક જોડી કપડાં, થોડા ફટાકડા આવી જાય એટલે ભયોભયો. એક સંતાનથી બીજા સંતાનદીઠ એક ને એક પાઠ્યપુસ્તકો ચાલે રાખતાં

બધાંની સંમતિ હોય તે ફિલ્મ જોવા જઈ શકાતું. દર વર્ષે વેકેશન, દિવાળી કે ત્રણ રજાઓ ભેગી થતી હોય ત્યારે હિલ સ્ટેશને કે બીચ પર ફરવા જવું જ આવું નહોતું. વેકેશનમાં ફઈ કે મામા-માસીના છોકરાઓ આવે એટલે બહાર ફરવા જવા જેવો જ આનંદ આવે. બધાં ભેગા થઈને રમે અને રમવામાં ય ખર્ચો બિલકુલ નહીં. પકડમ દા,

અબીલ ગુલાલ

જયવંત પંડ્યા

લંગડી, લખોટી, ગરિયો (ભમરડો), નારગેલિયો, સંતાકૂકડી, આઈસપાઈસ, નદી-પર્વત, લાકડું કે લોઢું, પત્તા, પાંચિકા, મોંયડાંડિયા, કબડ્ડી, ખો ખો, કેપ્ટન કેપ્ટન સાઈન બદલ, ધમાલિયો ધોકોવાળો રૂમાલ દા, આંબલીપીપળી, વડવાઈનો હિંચકો બનાવી હિંચકા ખાવાના અને રાત્રે સૂતા-સૂતા રમી શકાઈ તેવી અંતાક્ષરી તો ખરી જ.

બહારથી બટેટાની પતરી (વેફર) નાં કે ચેવડા-ચવાણાંનાં પડીકાં લાવવા નહોતાં પડતાં. ઘરમાં સામૂહિક રીતે સ્ત્રીઓ અને બાળકો ભેગા થઈને બટેટાં બાફીને તેને ખમણીને પતરી પાડે અને પછી બાળકો સૂકવે. ઘઉંમાંથી કાંકરા વીણે. અથાણાં બનાવવા ગુંદામાંથી ઠળિયા કાઢવામાં આવે, કેરી સુધારવામાં આવે તેને હળદર-મીઠાવાળી કરવામાં આવે અને પછી રાય-કુરિયાવાળી કરી અથાણું બનાવાય. અથાણાં પણ કેટલાં! ગુંદા-કેરીનું ખાટું-તીખું અથાણું, છૂંદો, મુરબ્બો, ગોળ કેરી! એ સમૃદ્ધિ સામે આજની સમૃદ્ધિ કેટલી વામણી લાગે! અને એમાંય અથાણાં બનાવતી વખતે કેરી હળદર-મીઠાવાળી કરીને સૂકવી હોય તેમાંથી જ કેટલીક તો સફાચટ થઈ જતી!

બદામના ઝાડ પરથી બદામ પાડવાની. કાચી બદામ હોય તો મીઠા સાથે ખાવાની અને પાકી હોય તો એમ ને એમ.

અને આની અસર ચૂંટણી પર જ પડતી. સમાજના આગેવાન કહે અથવા પરિવારના વડીલ કહે તેને જ મત આપવાનો થતો.

આવી સામૂહિકતામાંથી અત્યારે એકલતા આવી છે. પહેલાં ત્રણ ભાઈઓ અને તેમના દીકરા-વહુઓ બધાં સાથે રહેતાં. પછી માબાપ-તેના બે દીકરા સાથે થયા. તે પછી હવે બંને દીકરા અલગ-અલગ રહેતા થયા. માબાપને ઘડીક એક દીકરા સાથે અને ઘડીક બીજા દીકરા સાથે રહેવાનું થયું. તે પછી એક દીકરો જ હોય તોય માબાપ જુદાં અને દીકરો-વહુ જુદાં.

હવે સ્માર્ટ ફોન, મલ્ટિપ્લેક્સ, મૉલ અને અનેક બ્રાન્ડ, નાસ્તાના અનેક વિકલ્પો, દફ્તરથી માંડીને શાળાને લગતી અનેક ચીજોTVમાં અનેક ચેનલો..આમ, વિકલ્પો વધ્યા છે. હવે ઘરના સભ્યદીઠ એક મોબાઈલ છે. ઘરના સભ્યદીઠ એક વાહન છે. દરેક સભ્યનો અલગ રૂમ છે. બાળકોનો અલગ રૂમ. પતિ-પત્નીનો અલગ રૂમ. દરેકનો જમવાનો સમય અલગ છે. ઘરમાં TV ડિશ અથવા કેબલનો ખર્ચો, મોબાઈલનો ખર્ચો, શનિ-રવિ બહાર જમવાનો ખર્ચો, દર વેકેશને બહાર ફરવા જવાનો ખર્ચો, મહિને એક કે બે ફિલ્મ મલ્ટિપ્લેક્સમાં જોવાનો ખર્ચો, દર મહિને શૉપિંગનો ખર્ચોખર્ચા વધ્યા છે. સૉશ્યલ મીડિયા પર દર થોડા દિવસે અમે આ કર્યું ને તે લીધું તે મૂકવાની હોડ છે એટલે વ્યકિતવાદ વધ્યો છે. સ્ત્રી સશક્તિકરણ થયું છે એટલે આખો પરિવાર એક જ પક્ષને મત આપે તેવું ન પણ બને.

સત્યનું સ્વાગત



મહાભારતમાં ઘણા પ્રસંગો પોતાની સુંદરતા અને દીપ્તિથી આપણને આકર્ષે છે, ત્યારે કેટલાક પ્રસંગ બહારથી એવા વરવા લાગે છે કે એને છીપલાંની જેમ ફગાવી આગળ વધવાનું મન થાય. પણ એને હાથમાં લઈ બરાબર તપાસીએ ને એનાં પડ ભેદી જોવા પ્રયત્ન કરીએ તો સત્યનું સુંદર મોતી એમાં ઝગારા મારતું હોય છે. આવો એક પ્રસંગ, જેમાં મહાભારતનાં બીજ પડયાં છે, એ વ્યાસના નિયોગન છે. મૂળ કથા ટૂંકમાં નીચે પ્રમાણે છે :

વિચિત્રવીર્ય યુવાનીમાં જ નિઃસંતાન મૃત્યુ પામ્યો. કુરુકુલની ગાદી ખાલી પડી. ભીષ્મ તો ગાદી સ્વીકારવા માટે કે ગાદીવારસ ઉત્પન્ન કરવા માટે તૈયાર નહોતા. માતા સરસ્વતીએ પોતાને પરાશરથી થયેલા પુત્ર કૃષ્ણદ્વૈપાયનને બોલાવ્યા અને નિયોગપ્રથા દ્વારા વિચિત્રવીર્યની પત્નીઓ સાથે સમાગમ કરી પ્રજાતંતુ ચાલુ રાખવાની વિનંતિ કરી. વ્યાસે માતાની આજ્ઞા માથે ચડાવતાં કહ્યું :

'તારી પુત્રવધૂઓ મારાં વેશ, વિરૂપતા અને ગંધને સહન કરી શકે એમ હોય તો એમને હું તેજસ્વી પુત્રો આપીશ. મારાથી જાતને વરણાગી બનાવીને રંગભવનમાં આવી શકાશે નહિ.'

માતાએ કબૂલ કર્યું. મહાપ્રયત્ને અંબા અને અંબાલિકાને તેણે તૈયાર કરી. કૃષ્ણ વર્ણ, પિંગલ જટા, અંગારા જેવી આંખો, પીળાં દાઢી-મૂછ અને મત્સ્યની દુર્ગંધ મારતા શરીર- વાળા વ્યાસ અંબિકા પાસે આવ્યા ત્યારે તેમને જોઈને જ તેણે આંખો મીંચી દીધી. પરિણામે તેનો પુત્ર ધૃતરાષ્ટ્ર અંધ થયો. અંબાલિકા મુનિને જોઈને પીળી અને ફિક્કી પડી ગઈ. તેનો પુત્ર પીળો-ફિક્કો, પાંડુરોગથી પીડાતો પાંડુ થયો. સત્યવતીએ બીજી વાર અંબિકાને ઋષિ માટે નિયોજી તો તેણે એક દાસીને પોતાને બદલે મોકલી આપી. તેણે ઋષિની વંદના કરી, સત્કારપૂર્વક તેમની સેવા કરી, તેને વિદુર નામનો મહાપ્રાજ્ઞ પુત્ર થયો.

આપણું સુરુચિને આઘાત કરે એવું આ કથામાં ઘણું છે. પોતાની અને પ્રસંગની વિરૂપતા બતાવીને વ્યાસ એટલે તો કહેવા માગતા નહિ હોય ને કે ભાઈ, સત્યનું સ્વાગત કરવું સહેલું નથી. સત્યવતીના આ પુત્રને એક નિર્ભેળ, નિર્વસન મૂર્તિમંત સત્ય તરીકે જ સામે આવતા જોઈએ તો ? આપણે પોતે, આપણા જીવનમાં તેમનું કેવી રીતે સ્વાગત કરીશું ? સત્યને આપણે કેવું, કેટલું અને કેવી રીતે વધાવીએ છીએ એના ઉપર જ આપણા જીવનની વ્યર્થતા અને સાફલ્યનો આધાર છે.

વ્યાસ ભગવાન આ કથા દ્વારા જાણે કહે છે : સત્યને ઝીલવું સહેલું નથી, તેનું નિરાવરણ સ્વરૂપ ઉગ્ર અને આઘાવ જનક છે. સત્ય વૈભવ કે વિલાસ સાથે સમાધાન કરી રૂડું- રૂપાળું થવા તૈયાર નથી. એ પોતાના સત્ત્વ પર પ્રતિષ્ઠિત છે, એને કશી સજાવટની જરૂર નથી. એ જેવું છે તેવા અનાવિલ સ્વરૂપે આપણા જીવનમાં પ્રવેશવા માગે છે. પણ આ સત્યને ઉઘાડી આંખે જોવા અને તેનો ઉમંગથી સત્કાર કરવા આપણામાંથી કેટલા તૈયાર થશે? ઘણાખરા તો એની સામે આંખો જ મીંચી દેશે. એ સત્યને જોવા જ નહિ માગે. અને તેથી એમનાં કર્મની ગતિ અંધ ધૃતરાષ્ટ્ર જેવી થશે એવું વ્યાસ નિશ્ચિતપણે કહે છે.

આ જગતની એ કમનસીબી છે કે તેનો કારોબાર હજી સુધી આવા અંધ ધૃતરાષ્ટ્રોના હાથમાં જ રહ્યો છે. ધૃતરાષ્ટ્રનું પહેલું જ વાક્ય 'મામકાઃ ' અને 'પાંડવા : 'ના પક્ષભેદનું છે. મારા અને તારાના અલગ વાડા સિવાય એ બીજું કાંઈ જોઈ શકતા નથી. એની દ્રષ્ટિને મમતા ને મોહનો એવો અંધાપો લાગ્યો હોય છે કે તે પક્ષાતીત સત્યને જોતા નથી, ન્યાયને

મકરંદ દવે

પારખતા નથી, નીતિને સમજતા નથી. અને આવી અંધવૃત્તિના નેજા નીચે પોતાને અજેય માનતો સત્તાનો દુર્યોધન, દુઃશાસનની સહાયથી અનાચાર ફેલાવે છે. આવી મહા શક્તિશાળી પણ અંધ મનોવૃત્તિના હાથમાં જ શાસનનો દોર રહ્યો હોય છે. પરંતુ સત્યના પ્રાણને, ન્યાયની માગણીને, નીતિના જન્મસિદ્ધ અધિકારને કોઈ કાયમ માટે દબાવી શકતું નથી. ધર્મરાજને હાથે એક દિવસ ધૃતરાષ્ટ્રનું મૂલેચ્છેદન થઈ જાય છે, અને અંધ કર્મની ગતિને તેનો આખરી જવાબ મળી જાય છે.

સત્યને જોવાની, પારખવાની, સ્વીકારવાની સાફ ના જ પાડી દે એવો એક અંધ વર્ગ છે, તો બીજો એક વર્ગ એવો છે, જે સત્ય સામે મીટ તો માંડે છે પણ એને જોઈને પીળો-ફીક્કો પડી જાય છે. એ સત્યને આછું-પાંખું જુએ તો છે પણ સત્ય માટે જે ભોગ આપવો પડે તે આપવા તૈયાર નથી. આ વર્ગમાં આપણું સંસ્કારી કહેવાતા ને સફળ મનાતા સજ્જનો આવી જાય છે. અંધ ધૃતરાષ્ટ્રની જેમ એ બેશરમ બની સત્તા ઝુંટવી શકતા નથી કે અન્યાયની સામે થઈ શકતા નથી.

આ જગતની એ કમનસીબી છે કે તેનો કારોબાર હજી સુધી આવા અંધ ધૃતરાષ્ટ્રોના હાથમાં જ રહ્યો છે એની દ્રષ્ટિને મમતા ને મોહનો એવો અંધાપો લાગ્યો હોય છે કે તે પક્ષાતીત સત્યને જોતા નથી, ન્યાયને પારખતા નથી, નીતિને સમજતા નથી

પણ પોતાનું અસ્તિત્વ માંડ માંડ નિભાવી લેતા હોય છે. એટલે તેમના જીવનમાં સત્યનું પ્રચંડ તેજ પથરાતું નથી, સ્વાર્પણની જવાલા પ્રગટતી નથી. પણ માંદલી, અસમર્થ, સુખની ગોદમાં માથું રાખી જીવી જવા માગતી અને પરિણામે મૃત્યુ નોતરતી જિંદગીનું નિપાણ ચિત્ર ખડું થાય છે. પરંતુ આ બંનેથી જુદો જ એક વર્ગ છે. રાજરાણી- એના કૃત્રિમ રૂપાભાસ તેની પાસે નથી. એ સચ્ચાઈની તળ ધરતીમાંથી પ્રગટ થાય છે અને સચ્ચાઈને કોઈ જાતના સંકોચ વિના નિર્ભય નેત્રે વધાવે છે. પોતાના બન્ને બાહુ ફેલાવીને તે સત્યને પોતાના જીવનમાં સ્થાન આપે છે. એનાં કર્મો, દાસીપુત્ર હોવા છતાં પણ નીતિજ્ઞોમાં અગ્રણી વિદુર જેવાં પ્રકાશી ઊઠે છે. આવા પુરુષોની વાણી સત્યની નિર્ભયતાથી શોભી ઊઠે છે. કૌરવોની સભામાં સત્યને રજૂ કરતા અને સત્યની રક્ષા કરતા વિદુરની તેજસ્વી મૂર્તિ ત્યારે આપણી સામે તરવરી રહે છે. વિદુર ન હોત તો પાંડવોની લાક્ષા- ગૃહમાંથી રક્ષા ન થઈ હોત. અને વિષ્ટિનો વૃથા પ્રયત્ન કરી આવ્યા પછી શ્રીકૃષ્ણ પાંડવોને કહે છે કે ભીષ્મ અને દ્રોણ જેવા પણ સાચું કહેવાની હિંમત નથી કરતા, ત્યારે એકમાત્ર વિદુર જ સ્પષ્ટ અને સાચી વાત કરે છે. આવી સત્યનિષ્ઠા હોય ત્યાં જ શ્રીહરિનો ઉતારો હોય ને!

વ્યાસ ભગવાને આ કથામાં સત્ય સાથેના આપણા આંતર-નિયોગનું જ આ સનાતન ચિત્ર દેરી આપ્યું છે. સમાજમાં આવા અંધ, પાંડુ અને કર્મવીર દ્રષ્ટા જેવા ત્રણ વર્ગો રહેવાના, સંસ્કૃતમાં બે જોડકા શબ્દો સાથે જાય છે, તેમાં વિદુર-ભિદુર પણ છે. વિદુર સત્યનું અનુસંધાન કરે છે, ભિદુર વિચ્છેદ ઉત્પન્ન કરે છે. સામાન્ય રીતે જ્યાં રાજની અને ધનની શક્તિ છે ત્યાં આવું વિચ્છેદક અંધત્વ છે. જ્યાં સંસ્કારથી દ્રષ્ટિ અરધી પરધી ખૂલે છે ત્યાં કાર્યની અસમર્થતા છે. પણ જ્યાં સત્યની દ્રષ્ટિ અને કાર્યશક્તિનું જોડાણ થાય છે ત્યાં મહાન ક્રાંતિ સર્જાય છે.

વેદવ્યાસના ત્રણ પુત્રો ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર દ્વારા ત્રિગુણાત્મક પ્રકૃતિની લીલા પણ જોવામાં આવે છે. વ્યાસના આ અનૌરસ પુત્રો છે, અપરા પ્રકૃતિનાં સંતાનો છે. પણ વ્યાસના ઔરસ પુત્રની વાત જાણીએ છીએ ત્યારે કથાના અખંડ રસમાં વહેતું તત્ત્વ વધુ સ્પષ્ટ થાય છે. વ્યાસના ઔરસ પુત્ર છે. શુકદેવ. એ ગુણાતીત, આત્મારામ, મુક્ત પુરૂષ છે, પરા પ્રકૃતિના પ્રતિનિધિ છે. આ પ્રસંગોમાં સત્ય, એના અપર અને પર–- એમ બંને સ્વરૂપે સંપૂર્ણ રીતે પ્રકાશે છે.